નં.અજાક/ગ-૧/૫/૨૩-૨૪/ 3૪૯૯-3૫30
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail: dd1-dscw@gujarat.gov.in
ફોન: ૦૭૯-૨૩૨ ૫૩૨૪૩
તા.૧૯/૧૦/૨૦૨૩

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
જિ.....................

વિષય :- વર્ષ: ૨૦૨૧-૨૨ તથા વર્ષ:૨૦૨૨-૨૩ની ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવાની મુદત વધારવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩માં જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અગાઉના વર્ષોની સરખામણીમાં પુરતી અરજીઓ મળેલ નથી તેવુ જણાય છે તેમજ અમુક વિદ્યાર્થીઓ ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય તેમજ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીથી શરતચુકથી ક્લોઝ કરી દિધેલ હોય તેમજ અમુક સંસ્થાઓને પોતાના AISHE કોડ મળવામાં વિલંબ થયેલ હોય તેવુ પણ બનવા પામેલ છે. આમ આવા તમામ વિદ્યાર્થીઓને આવરી લેવા જરૂરી બને છે.

આમ, વર્ષ: ૨૦૨૧-૨૨ તથા વર્ષ:૨૦૨૨-૨૩ અંતર્ગત જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહિ જાય તે માટે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ તથા વર્ષ: ૨૦૨૨-૨૩ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરવાની તારીખ તા:૨૩/૧૦/૨૦૨૩ થી તા: ૩૦/૧૦/૨૦૨૩ સુધી લંબાવવામાં આવનાર છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇ જે વિદ્યાર્થીઓ/સંસ્થાઓની રજુઆત જિલ્લા કચેરીઓએ આવેલ હોય તેઓને તેમજ જિલ્લાની તમામ શાળા/કોલેજોને તાત્કાલિક જાણ કરવા વિનંતી છે.

સંયુક્ત નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર